# રણબીર કપૂર આગામી સમયમાં સુપરસ્ટાર તરીકે ઊભરી આવશે?!



'એનિમલ' ને કારણે રણબીર કપૂરને 'ધૂમ 4' માં નકારાત્મક ભૂમિકા મળી રહી છે? એવો સવાલ 12 વર્ષ પછી 'ધૂમ 4' નવી સ્ટારકાસ્ટ સાથે શરૂ થવાની હોવાના સમાચાર વહેતા થયા પછી થઈ રહ્યો છે. 'ધૂમ 3' માં જે ભૂમિકામાં આમિર ખાન હતો એમાં રણબીર આવી શકે છે. બોલિવૂડમાં અત્યારે રણબીર એકમાત્ર એવો અભિનેતા છે જેની પાસે ચાર મોટી અને જોરદાર ફિલ્મો છે. તેથી આવનારા સમયના સુપરસ્ટાર તરીકે ઓળખવામાં આવી રહ્યો છે. નિર્દેશક વિજય આચાર્ય 'ધૂમ 4' ફિલ્મની સ્ક્રિપ્ટ લખી રહ્યા છે અને નકારાત્મક ભૂમિકા માટે રણબીર પહેલી પસંદ ગણાય છે. પહેલો અને બીજો ભાગ લખનાર વિજયે 'ધૂમ 3' નું નિર્દેશન કર્યું હતું અને હવે 'ધૂમ 4' લખવા સાથે એનું નિર્દેશન કરવાના છે. રણબીરની 'એનિમલ' પહેલાં રાજકુમાર હીરાની નિર્દેશિત 'સંજુ' સૌથી મોટી હિટ ફિલ્મ ગણાતી હતી. એ પછી રણબીર સાથે દરેક નિર્દેશક કામ કરવાની ઈચ્છા કરતા થઈ ગયા હતા. રાજકુમારે રણબીરના બહુ વખાણ કર્યા હતા એનો વિડિયો હજુ વાયરલ થઈ રહ્યો છે. ફિલ્મના ઈમોશનલ દ્રશ્યોમાં રણબીર ગ્લિસરીનનો ઉપયોગ કરતો ન હતો. આ બાબતે રાજકુમારે રણબીરને પૂછ્યું હતું ત્યારે એણે કહ્યું હતું કે એ આંસુ પર નિયંત્રણ ધરાવે છે. 'એનિમલ' માં પણ એણે કમાલનો અભિનય કર્યો હતો. એ કારણે નિર્દેશક સંદીપ રેડ્ડી વાંગાની 'એનિમલ 2' તો કરી જ રહ્યો છે પરંતુ એમની પ્રભાસ સાથેની 'સ્પિરિટ' માં મહેમાન ભૂમિકા ભજવી શકે છે. એની વ્યસ્તતાને કારણે 'ધૂમ 4' આગામી વર્ષે શરૂ થઈ શકે છે. અત્યારે રણબીર સંજય લીલા ભણશાલીની 2025 માં ક્રિસમસ પર રજૂ થનારી 'લવ એન્ડ વોર' ઉપરાંત નિર્દેશક નિતેશ તિવારીની 'રામાયણ' કરી રહ્યો છે. અયાન મુખર્જીની 'બ્રહ્માસ્ત્ર 2' પણ પ્રગતિમાં છે. એ દરમ્યાનમાં ગયા વર્ષની ફિલ્મોના અવોર્ડ સમારંભ શરૂ થઈ ગયા છે. એમાં 'આઈફા એવોર્ડ્સ' જાહેર થયા પછી રણબીરના ચાહકો નિરાશ થયા છે. રણબીરની 'એનિમલ' ને 'શ્રેષ્ઠ ફિલ્મ' સહિતના ચાર અવોર્ડ્સ મળ્યા છે પરંતુ 'શ્રેષ્ઠ અભિનેતા'નો અવોર્ડ શાહરૂખ ખાનને ફિલ્મ 'જવાન' માટે મળ્યો છે. એની સ્પર્ધામાં વિકી કૌશલ, રણવીર સિંહ અને સની દેઓલ પણ હતા. 'એનિમલ' ના રણબીરના અભિનયના જે રીતે વખાણ થયા હતા એ પરથી ચાહકો ઉત્સાહમાં હતા કેમ કે 'ફિલ્મફેર' માં રણવીર, વિકી અને સની સાથે શાહરૂખ 'ડંકી' અને 'જવાન' એમ બે ફિલ્મો સાથે સ્પર્ધામાં હતો. છતાં રણબીરને અવોર્ડ મળ્યો હતો. હવે બાકીના અવોર્ડ સમારંભોમાં રણબીરને અવોર્ડ મળે છે કે બીજા અભિનેતા લઈ જાય છે એ જોવાનું રસપ્રદ બની રહેશે.

**ફિલ્મ ટી.વી**
રાકેશ ઠક્કર

# સીકવલ ફિલ્મોને કારણે નવી હીરોઈનોને સરળતાથી કામ મળે છે!

હિન્દી ફિલ્મોની સીકવલ બનાવવા બાબતે વાદ-વિવાદ ચાલતો રહે છે પણ એનાથી નવી હીરોઈનોને લાભ થઈ રહ્યો છે એ હકીકત છે. સીકવલની કિંમત વધારવા અને એની લોકપ્રિયતાનો લાભ લેવા મોટાભાગે અગાઉના હીરોને જ લેવામાં આવે છે. અત્યારે દિવાળી પર રજૂ થનારી 'સિંઘમ અગેન' અને 'ભુલભુલૈયા 3' ની ટક્કરની ચર્ચા છે. એમાં ઉલ્લેખનીય વાત એ છે કે અગાઉની હીરોઈન બદલાઈ ચૂકી છે. કોઈ ને કોઈ કારણથી સીકવલમાં નવી હીરોઈન આવી રહી છે. 'ભુલભુલૈયા 3' માં અગાઉની વિદ્યા બાલન છે પણ હીરોઈન તરીકે નવી તૃપ્તિ ડિમરીને તક મળી ગઈ છે. 'ધડક 2' માં જહાનવીનું સ્થાન તૃપ્તિએ જ લીધું છે. એ કિયારા અડવાણી જેવું કામ કરી શકી છે કે નહીં એ જોવાનું રહેશે. 'સિંઘમ અગેન' માં અનેક જાણીતા હીરોની પોલીસની ભૂમિકા સાથે હવે દીપિકા પાદુકોણને પોલીસ અધિકારી તરીકે લાવવામાં આવી છે. 'રેડ 2' માં વાણી કપૂર તો 'વેલકમ 3' માં દિશા પટની અને જેકલીનનો નંબર લાગ્યો છે. જ્યારે પણ કોઈ નિર્માતા સીકવલનું આયોજન કરે છે ત્યારે પહેલાં જૂના અભિનેતા લેવાનો આગ્રહ રાખે છે કેમ કે એના નામથી જ ફિલ્મની ઓળખ હોય છે.



જ્યારે હીરોઈનને સાઈન કરવાની વાત આવે છે ત્યારે અનેક બાબતો જોવામાં આવે છે. નવા જમાનાના દર્શકોને ફિલ્મથી આકર્ષવાના હોય છે. બીજું કે અગાઉની ફિલ્મ વર્ષો પહેલાં બની હોય છે. એમાં કામ કરનાર હીરોઈન લગ્ન કરી ચૂકી હોય છે ક્યાં તો ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડી ચૂકી હોય છે ક્યાં તો એ સેલેબલ રહી હોતી નથી. તેથી નવી હીરોઈનોને સરળતાથી તક મળી રહી છે. અજયની 'સન ઓફ સરદાર 2' માં સોનાક્ષી સિંહાને બદલે મૃણાલ ઠાકુર કામ કરી રહી છે. એક વાત છે કે અગાઉની હીરોઈનો જેટલી મહત્ત્વની નવોદિતોની ભૂમિકા હોતી નથી અને એમની બહુ નોંધ લેવાતી નથી. 'ડ્રીમ ગર્લ' માં નુસરત ભરૂચાએ કમાલ કર્યો હતો પણ સીકવલમાં અનન્યા પાંડેને ખાસ પ્રશંસા મળી ન હતી. હુમા કુરેશી નસીબદાર છે કે 'જોલી LLB 3' માં એની ખાસ ભૂમિકાને કારણે ફરી તક મળી છે. અમૃતા રાવને પહેલા પછી ત્રીજા ભાગમાં લેવામાં આવી છે. બોલિવૂડમાં વાર્તાઓના અભાવમાં સીકવલ વધુ બની રહી છે તેથી નવી હીરોઈનો માટે નસીબના દરવાજા ખૂલી ગયા છે.



# એકબીજાને પોતાની લાગણી સમજાવી શકે છે, બીજાં પંખીઓને ભયથી દૂર રહેવા ચેતવણી આપી શકે છે

કેટલાંક પક્ષીઓને સુંદર, ભપકાદાર પોશાક હોય છે, તો કેટલાંક ઝાંખા રંગનાં નાનાં પક્ષીઓ બીજાં સુંદર પક્ષીઓની તુલનામાં ઓછાં રૂપાળાં હોય છે. આવાં પક્ષીઓને કુદરતે સુંદર પોશાકને બદલે મીઠો અવાજ આપ્યો હોય છે. દેવચકલી, દૈયડ, કસ્તૂરો વગેરે ગાયક-કુળનાં પંખીઓને સુંદર પીંછાં નથી. પરંતુ તેમનો અવાજ બહુ મધુર છે. પંખીઓ જાતજાતના ને ભાતભાતના અવાજો કાઢતાં હોય છે. પંખીઓને પોતાની ભાષા છે. તેઓ એકબીજાને પોતાની લાગણી સમજાવી શકે છે, બીજાં પંખીઓને ભયથી દૂર રહેવા ચેતવણી આપી શકે છે, તો વળી તેઓ પ્રેમની ભાષા બોલી જાણે છે. હરીફાઈ કરવા કે પડકાર ફેંકવા માટેનો તેમનો અવાજ જુદો હોય છે, તેમ જ યુદ્ધ માટેનો કઠોર ધ્વનિ પણ પક્ષીઓ કાઢી જાણે છે. પંખીઓની સંગીતસભાને માણવી હોય તો વહેલી સવાર કે ઢળતી સાંજ શ્રેષ્ઠ છે અને સૌથી બુલંદ, શ્રેષ્ઠ સૂર સાંભળવો હોય તો વસંતઋતુ અને ઉનાળાના પ્રારંભના દિવસો લેવા પડે.

આજે આપણે જે પક્ષીની વાત કરવી છે તે છે દેવચકલીને મળતું આવતું ગાયક પક્ષી કસ્તૂરો. નામ તેનું કાંઈક અજાણ્યું હોય એમ લાગે, પણ એ 'ઈન્દ્રરાજ' એવા નામે પણ જાણીતું છે. આપણે અહીં જેની વાત કરીશું તે નીલ કસ્તૂરો છે. કસ્તૂરો જમ્મુ કશ્મીર, નેપાળ, બલૂચિસ્તાન જેવા પ્રદેશોમાંથી આપણે ત્યાં શિયાળુ મુલાકાતી તરીકે આવે છે.

કસ્તૂરો આસમાની કાળા રંગનું પક્ષી છે. નરની પાંખો અને પૂંછડી ભૂરાશ પડતી કાળી હોય છે. તેની પૂંછડી પાતળી છે. તેની ચાંચ અને પગ કાળા રંગનાં છે. માથા પર અને પાંખના મૂળમાં ચળકતા નીલ રંગનાં ચાઠાં છે. જે ઝાંખી કાળી આંખ પટ્ટી જેવા લાગે. માદાને રાખોડી ભૂખરો રંગ છે અને નીચેના ભાગે બદામી ઝાંય છે. દૂરથી તે દેવચકલી જેવું જ લાગે. તેનું કદ કાબર જેવડું છે.

કૂકડો જેમ પ્રભાતની છડી પોકારે છે, તેમ કસ્તૂરો અથવા ઈન્દ્રરાજ વહેલા પ્રભાતે બુલંદ અને સિસોટી જેવા મધુર અવાજે ઉષાનું અભિવાદન કરે છે. જોકે એ માનવવસતિવાળા પ્રદેશમાં શિયાળે જ આવે છે. એમ છતાં તે બાગબગીચામાં પણ ક્યારેક કાયમી રીતે રહી જાય છે. શિયાળાની ઋતુમાં તે લગભગ આખા રાજ્યમાં વ્યાપક રીતે દેખાય છે.તેનું રહેઠાણ મોટા ભાગે ગીચ વનસ્પતિ હોય તેવા ખડકાળ અને ઝરણાવાળા પ્રદેશોમાં છે, જ્યાં ધસમસતા પાણીમાંથી તે પાણીનાં જીવડાં પકડીને આરોગી જાય છે. તેને ખુલ્લા ઉજ્જડ, ખડકાળ ઢોળાવ ગમે છે. તે જૂના કિલ્લાઓ અને ઈમારતો તેમજ દરિયાકિનારાના ખડકો રહેવા માટે પસંદ કરે છે. જીવડાં ઉપરાંત તે ઈયળો, કાચિંડા, કાનખજૂરા, નાનાં ફળો ખાય છે. તેને કરચલા પણ બહુ ભાવે છે. તે પાણી પડતું હોય તેવી કુદરતી જગ્યાએ વારંવાર કૂદે છે. ત્યાં ખડક પર બેસી પોતાની પૂંછડી વારંવાર પંખાની જેમ તે ઉઘાડે છે અને આંચકા મારીને ઉપર-નીચે કરે છે. કસ્તૂરો માણસ સિસોટી મારે તેવા આશ્ચર્યજનક સૂર કાઢી જાણે છે. વળી તેના ગાનમાં કોઈ જ કારણ વિના ભારે આરોહ-અવરોહ આવે છે.કસ્તૂરાનો માળો ઘણે ભાગે પાણીના ધોધની પાસે હોય છે અથવા ભેખડ કે ઊભી કરાડની ઓથે હોય છે. માળો બનાવવા તે ઘાસ, સાઠીકડાં અને શેવાળનો ઉપયોગ કરે છે. માળાને કાદવ વડે મજબૂત બનાવવામાં આવે છે. માળો પહોંચાય નહીં એવી જગ્યાએ હોય છે. માદા ચારથી પાંચ લીલાશપડતા વાદળી રંગનાં, રતુંબડાં છાંટણાવાળાં ઈંડાં મૂકે છે. માળાનો આકાર વાટકા જેવો હોય છે.

આ રંગીન, ખુશમિજાજી ગાયક પંખીની બીજી ઘણી જાતો આપણે ત્યાં છે. જે Malabar whistling thrush, blue capped rock thrush, chestnut bellied rock thrush, blue whistling thrush, orange headed thrush, white throted thrush, scaly thrush, tickell's thrush, Rufous Tail Rock Thrush ના નામે ઓળખાય છે. તો ઉત્તર પૂર્વના ઊંચા પહાડી પ્રદેશોમાં plain backed thrush, long tauld thrush જેવી જાતો જોવા મળે છે. આ લખનારને ગીરના પ્રવાસ દરમ્યાન તારીખ : 25-5-2018ના રોજ Rufous Tail Rock Thrush - લાલ પૂંછવાળો કસ્તૂરો જોવા મળેલ. જે અગાઉ ગીરમાં ક્યારેય દેખાયો નહોતો. અગાઉ તે કચ્છમાં જોવા મળેલ અને છેલ્લે દાહોદ ખાતે દેખાયેલો.

**દેવચકલીને મળતું આવતું ગાયક પક્ષી કસ્તૂરો. નામ તેનું કાંઈક અજાણ્યું હોય એમ લાગે, પણ એ 'ઇન્દ્રરાજ' એવા નામે પણ જાણીતું છે. આપણે અહીં જેની વાત કરીશું તે નીલ કસ્તૂરો છે. કસ્તૂરો જમ્મુ કશ્મીર, નેપાળ, બલૂચિસ્તાન જેવા પ્રદેશોમાંથી આપણે ત્યાં શિયાળુ મુલાકાતી તરીકે આવે છે**

ગાયક પક્ષી તરીકે કસ્તૂરો બહુ આદર પામેલું પક્ષી છે. નર પંખીનો કૉલ ક્યારેક સાંભળવા મળે તો માંહ્યલો રાજી રાજી થઈ જાય એવો મધુર અવાજ છે તેનો. આવા મીઠા અવાજો સાંભળવા હશે તો આપણાં સુખ-સગવડ ખાતર પ્રકૃતિનો જે ભોગ લેવાય છે તેના પર પાબંદી આવે તો જ કસ્તૂરો અને તેનાં જેવાં પંખીઓ ટકી શકશે.



કસ્તૂરો (નીલ કસ્તૂરો- Blue Rock Thrush)

**પંખીલોક**
★ પ્રવીણ સરવૈયા





# વેબસાઈટ ડાઉન, ક્રેશ કેવી રીતે થાય, જાણો કારણો



## એવું શું થયું કે કોલ્ડપ્લેના લીધે બુક માય શો ક્રેશ થઈ ગયું!!

**લાઈફ-ઓન**
★ ફાલ્ગુની આશર

બે શબ્દોની ખૂબ ચર્ચા થઈ રહી છે. એક કોલ્ડપ્લે અને બીજું છે બુક માય શૉ. એવું લાગતું હતું કે કોલ્ડપ્લેના કોન્સર્ટની ટિકિટ લેવા માટે અડધું ભારત બુક માય શૉ પર પહોંચ્યું હતું. પરિણામે બુક માય શૉ ક્રેશ થયું હતું. અલબત્ત, સવાલ એ છે કે, જ્યારે વેબસાઈટ અથવા એપ્લિકેશન ક્રેશ થાય ત્યારે શું થાય છે? ચાલો આજે જાણીએ એને વિશે. કુલ 7 કારણો જેના કારણે વેબસાઈટ અથવા એપ ડાઉન થઈ શકે છે અથવા ક્રેશ થઈ શકે છે. વેબસાઈટ અથવા એપ ડાઉન થવાનું અથવા ક્રેશ થવાનું સૌથી સામાન્ય કારણ તેની મુલાકાત લેતાં લોકોની સંખ્યામાં વધારો હોઈ શકે છે. અમુક ઓફરને કારણે અથવા તહેવારોની સીઝનમાં ઘણાં બધાં લોકો મુલાકાત લેવાને કારણે થાય છે. દૂર જવાની જરૂર નથી કારણ કે IRCTC વેબસાઈટ તેનું ઉદાહરણ છે. જો કે, વેબસાઈટ વધતા ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે બનાવવામાં આવી છે પણ પેલી કહેવતની જેમ જ્યારે પાણી પૂરના સ્વરૂપમાં આવે છે ત્યારે તે આપત્તિનું કારણ બને છે. જ્યારે આવું થાય છે ત્યારે વેબસાઈટ HTTP 503 એરર બતાવે છે.

ડેવલપર કોઈ વેબસાઈટ ડિઝાઈન કરે છે ત્યારે તેનો એક નિશ્ચિત કોડ હોય છે. દરેક ઈમેજ, ટેક્સ્ટ અને વિડિયોનો એક કોડ હોય છે. આ કોડમાં નાની ભૂલ પણ કરી હોય તો એ આગળ જતાં નડી શકે છે.

પ્લગઈન્સ અથવા એક્સ્ટેંશન વિશે દરેક વ્યક્તિ જાણે છે. ગૂગલ ક્રોમ પર તેમના માટે એક આખો સ્ટોર છે. કોઈ પણ વેબસાઈટમાં ઘણા બધા એક્સટેન્શન ઉમેરવામાં આવે તો તે વેબસાઈટ પર ભાર આવી જાય છે, આવા સમયે ક્રેશ થવાનો ભય રહે છે. આ ઉપરાંત તમારા મોબાઈલમાં સમયાંતરે અપડેટનું નોટિફિકેશન આવતું હશે. થોડા દિવસો પહેલાં આવા જ એક અપડેટે માઈક્રોસોફ્ટને ખૂબ જ મુશ્કેલીમાં મૂકી દીધું હતું. સિસ્ટમની સ્ક્રીનો વાદળી થઈ ગઈ હતી. આ સ્ક્રીનને ડેથ સ્ક્રીન કહેવાય છે. કલાકો સુધી સમગ્ર વિશ્વમાં બેંકોથી લઈને એરલાઈન્સ સુધીની સેવાઓ પ્રભાવિત થઈ હતી. તેનું કારણ CrowdStrike નામની મોટી સાયબર સિક્યોરિટી કંપની દ્વારા મોકલવામાં આવેલ અપડેટ હતું. આ કંપની Microsoft Azure માટે એન્ટિવાયરસ બનાવે છે. કંપનીએ તેના એન્ટિવાયરસને મજબૂત કરવા માટે અપડેટ મોકલ્યું અને એક સ્કેમ થઈ ગયું હતું. ઘણી વખત આવા અપડેટ્સને કારણે મોટી વેબસાઈટનું ક્રેશ લેન્ડિંગ થાય છે. ડોમેન નામ માટે મેળવેલી માન્યતા પૂરી થઈ જાય ત્યારે પણ વેબસાઈટ ક્રેશ થઈ શકે છે. એટલે કે જે પ્લેટફોર્મ પર વેબસાઈટ ચાલી રહી છે તેની ફી ચૂકવવામાં આવી નથી. ઉદાહરણ છે - Azure થી Amazon Cloud સુધી. જો કે આ બધું ઓટોમેટિક થાય છે. ક્રેશ થવા પાછળ હોસ્ટિંગના મુદ્દાઓ પણ છે. જ્યારે હોસ્ટ કોઈ મૂડમાં ન હોય ત્યારે વેબસાઈટ કેવી રીતે ચાલે? કહેવાનો મતલબ એ છે કે જો વેબસાઈટનું બેઝ પ્લેટફોર્મ અથવા હોસ્ટ કોઈ પણ કારણોસર મુશ્કેલીમાં હોય તો સમસ્યાઓ થાય જ અને છેલ્લે છે માલવેર અટેક. માત્ર વેબસાઈટ્સ અને એપ્સ જ નહીં, ટેકની દુનિયામાં મોટાભાગની સમસ્યાઓ આ સમજણના અભાવને કારણે છે. તેને માલવેર કહો, વાયરસ કહો કે અન્ય કોઈ નામ આપો. એક વાર તે સિસ્ટમમાં પ્રવેશે છે, પછી કંઈ થઈ શકતું નથી. વાસ્તવમાં, આને ટાળવા માટે દરેક પ્રયાસ કરે છે પરંતુ તેઓ મહેમાનોની જેમ બિનઆમંત્રિત આવે છે અને પછી બ્લેકમેલિંગ કે ખંડણી માગે છે.

**ક્રેશ થવા પાછળ હોસ્ટિંગના મુદ્દાઓ પણ છે. જ્યારે હોસ્ટ કોઈ મૂડમાં ન હોય ત્યારે વેબસાઇટ કેવી રીતે ચાલે? કહેવાનો મતલબ એ છે કે જો વેબસાઇટનું બેઝ પ્લેટફોર્મ અથવા હોસ્ટ કોઈ પણ કારણોસર મુશ્કેલીમાં હોય તો સમસ્યાઓ થાય જ**



# કાનની બૂટનું શું કામ છે?

નાનપણમાં અણગમતી વ્યકિતનાં શરીરમાં ખાસ કરીને કાનના લક્ષણ જોઇ શરીરના અંગના આકાર-પ્રકાર પરથી વ્યકિતત્વ ઓળખવાનો દાવો કરતા સામુહિક શાસ્ત્રના મનાતા આ સિદ્ધાંતને ટાંકી માનસિક સંતોષ મેળવાતો કે કાનની બૂટ જડબાંના પાછલા ભાગ સાથે ચોંટેલી હોય તે વ્યકિત લુચ્ચી અને હરામખોર હોય. આ સિદ્ધાંત સનાતન સત્ય જ છે એવું કયાંય પ્રસ્થાપિત નથી થતું, પણ કાનની બૂટ, કુદરતે ખરેખર શા માટે આપી છે તે બાબતમાં તાજેતરમાં વૈજ્ઞાનિક ચિંતન શરૂ થયું અને



આપણા સમાજની ચબરાક મહિલાઓએ સામે સવાલ કર્યો કે આટલી સમજ નથી પડતી? બુટ્ટી કયાં પહેરાય?! કાન ન હોય તો દેખાય નહીં કારણ કે ચશ્મા કેવી રીતે પહેરાય?' એના જેવી આ વાત છે. બૂટની બુટ્ટી કે કડી પહેરવા માટે આપણે શોધેલો સદુપયોગ છે, જયારે પુરુષો રોજી-રોટી માટે દેશાટન કરતાં અને અજાણ્યા ગામમાં પૈસાની જરૂર પડે. ઓળખાણ પિછાણ ન હોય ત્યારે એ.ટી.એમ. કે ક્રેડિટ કાર્ડ વગરના એ જમાનામાં પુરુષો કાનમાં પહેરેલી સોના-ચાંદીની કડી કે બુટ્ટી વેચી પૈસા મેળવી લેતા પણ કુદરતે એ હેતુસર કે મહિલાઓને લટકણિયા પહેરવા માટે બૂટ નથી આપી એવું વિદ્યાન કરી વિજ્ઞાનીઓ પોતાના કાનની બૂટ ખંજવાળવા માંડયા છે અને કહે છે કે કુદરતે બૂટ શા માટે આપી છે તે તેને પણ અહીં ખબર હોય!!

આંખ, નાક, હોઠ જેવા અંગો વિશે વિશદ છણાવટ થઇ છે પણ કાન વિશે?! કાનનો આંતરિક ભાગ ભલે તબીબોનો વિષય હોય પણ બહારનો ભાગ વિકૃત દેખાવનો હોય તે કોઇને ન ચાલે બલ્કે બાહ્ય ભાગની નીચેનો હિસ્સો યાને કે બૂટ કડી-બુટ્ટીના અબજોના ધંધાનું કેન્દ્ર બની ગયું છે. ઉત્ક્રાંતિવાદી જીવ વિજ્ઞાની ડો.એન બા મૈતર કહે છે કે બાહ્ય મન એક જીવ વૈજ્ઞાનિક વિશિષ્ટ લાક્ષણિકતા છે. હકીકતમાં તે આસપાસના અવાજને એકત્ર કરી કાનના અંદરના ભાગમાં પહોંચાડે છે. તેનો એક એક ભાગ મહત્વનો છે. સિવાય કે બૂટ કાનની નીચે બૂટનો લબડતો ભાગ કુદરતે કેમ આપ્યો છે તે સમજ બહારની વાત છે. કુદરત કંઇ કાચું કાપે નહીં! પણ શરીર વિજ્ઞાનની દ્રષ્ટિએ બૂટનું મહત્ત્વ જ નથી. જીવ વિજ્ઞાનની દ્રષ્ટિએ કાનને લગતી કહેવત છે! કાન એટલા થાન અને મીંડા એટલા ઈંડા યાને કે જે જીવને કાન હોય છે તે સસ્તન પ્રાણી કહેવાય અને કાનની જગ્યાએ છિદ્ર હોય તે ઈંડા આપે.

ખાસ કરીને મનુષ્યના કાન દેખાય છે તેનાથી ઊંડે અને અંદર તેની રચના જટિલ છે. પેટે ચાલનારા પ્રાણીઓ સરિસૃપો અને પક્ષીઓનાં કાનમાં એક હાડકું હોય છે જયારે સસ્તન પ્રાણીઓમાં ત્રણ હાડકાં અંદરના ભાગે હોય છે. મનુષ્યોમાં બહારના કાનનું મોટું તંત્ર હોય છે. જે કરોડરજ્જુવાળા અન્ય પ્રાણીઓમાં નથી હોતું. મનુષ્યના કાન સાંકડા મોં વાળા પાત્રમાં પ્રવાહી રેડવા માટે વપરાતી ગરણી જેવું કામ કરે છે. મતલબ કે બહાર આવતો અવાજ એકત્ર કરી કાનના તંત્રમાં પહોંચાડે છે. જેનામાં આ પ્રક્રિયા યોગ્ય રીતે નહીં થતી હોય તેને આપણે પૂછીએ છીએઃ તમારે કાન છે કે કોડયાં? આપણા શ્રવણતંત્રમાં સ્હેજ પણ ખામી સર્જાય તો આપણને સાંભળવામાં તકલીફ થતી હોય છે કારણ કે આખા તંત્રને કુદરતે વ્યવસ્થિત ગોઠવ્યું છે અને દરેકે દરેક અંગનું ચોક્કસ કાર્ય હોય છે છતાં પ્રશ્ન તો એ આવીને ઊભો જ રહે છે, કાનની બૂટ શા માટે આપવામાં આવી છે? એકયુંચકચર, એકયુપ્રેશર અને રીફ્લેકસોલોજીના જાણકાર કહે છે કે કાનની બૂટમાં ચોક્કસ નસ આવી હોય છે જેને આધારે કાનની બૂટ વીંધીને તેઓ વાઇ-ફેફ્ફરાનો ઇલાજ કરતા હોવાનો દાવો કરે છે, તેમજ ખાસ કરીને પ્રોસ્ટેટની સમસ્યા દૂર કરતા હોવાનો દાવો કરે છે. આ દાવાઓની યથાર્થતાની પુષ્ટિ એક અલગ વિષય છે પણ વધુ સંશોધન માંગે છે પણ પણ કાનની બૂટ ઉત્ક્રાંતિવાદી જૈવિક વિકાસનું પ્રતીક છે એમ વિજ્ઞાનીઓ કહે છે. ડો. મૈતર જુદા જુદા સ્થળેથી મળેલા માનવીના શરીરના અશ્મિભૂત અવશેષોનો અભ્યાસ કરી મનુષ્યના ચહેરા અને જડબાના આકાર-દેખાવમાં ક્રમશઃ થતા ફેફસાની તુલના કરી કહે છે કે કુદરતે સસ્તન પ્રાણીઓમાં ખાસ કરીને કરોડ વાળ અન્ય પ્રાણીઓની સરખામણીમાં મનુષ્ય નાક બાહ્ય કાનની રચના એવી કરી જેથી ભયરૂપ અવાજ તેના કાનમાં જલ્દી પ્રવેશે અને તે વિવિધ તરંગ લંબાઇનો અવાજ સાંભળી શકે.

આસપાસના પશ્ચિમ એટ્લેંટિક યુનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસીનના શરીરશાસ્ત્રના પ્રાધ્યાપક ડો. માર્ક કોલમેન કહે છે કે સમગ્ર બાહ્ય કાનની રચના અવાજ એકત્ર કરી તે આંતરિક કાન સુધી પહોંચાડી શકે તેવી છે અને જડબા સાથે ચોંટેલી બૂટ તેનો એક અવિભાજય હિસ્સો હતી પણ વાંદરા અને અન્ય સસ્તન પ્રાણીઓની ચહેરાની રચનામાં ફેરફાર સાથે મનુષ્યની કાનની બૂટમાં પણ ફેરફાર થયો. તેમણે કહ્યું કે દરેક સસ્તન પ્રાણી પોતાને ભય રૂપ જુદી જુદી તરંગ લંબાઇના અવાજ ઝીલી શકે તેવી વ્યવસ્થા કુદરતે ગોઠવી છે. કાંગારૂ અને ઉંદરના મધ્ય કાન વધુ મોટા હોવાથી તેમને ઘુઘરિયા સાપ જેવા શિકારીઓના નીચી તરંગ લંબાઇના અવાજ પકડવામાં સરળતા રહે છે, મનુષ્યના કાનની તેની જરૂરિયાત મુજબ 1000થી 4000 હર્ઝ તરંગ લંબાઇનો અવાજ સાંભળવા માટે સંવેદનશીલ છે કારણ કે તે અન્ય પ્રાણીઓની સરખામણીમાં પોતાના બચાવના માર્ગો શોધી શકે છે. આપણા બાહ્યકાનના ઘાટ પણ બચાવમાં પર્યાવરણરૂપે ફેરફાર થયા છે અને તેમાં બૂટના ઘાટમાં પણ ફેરફાર થયો છે. કોલમેન કહે છે કે માનવીઓ ચિમ્પાન્ઝીઓ અને ગોરિલાઓના કાનને બૂટ હોય છે તેમાંથી માત્ર મનુષ્ય જ કાનની બૂટનો દાગીનાથી 'સદુપયોગ' કરી શકયો છે! શરીર વિજ્ઞાનની દ્રષ્ટિએ જૂઓ તો કાનમાં નસ પુષ્કળ છે. બની શકે કે ઉષ્ણતામાન નિયંત્રણમાં તે કામ કરી શકે. પ્રાણી વિજ્ઞાની હેસ્મન્ડ મોરિસ કહે છે કે કાનની બૂટ કામોત્તેજ નાના કેન્દ્ર તરીકે કામ કરે છે. જો કે તેમના આ મંતવ્યને આધુનિક શરીર વિજ્ઞાન ઝાઝું સમર્થન નથી આપતું. કાનની બૂટ જડબાંના હાડકાં સાથે ચોંટેલી હોય કે લબડતી હોય તેનાથી વ્યકિતના સ્વભાવમાં કંઇ ફેર પડતો નથી એમ જણાવી વિજ્ઞાનીઓ ઉમેરે છે કે કાનની બૂટના કુદરતના હેતુ કદાચ શ્રવણશકિત વધારવાનો હશે.

હાર્વર્ડ યુનિવર્સિટીના વિજ્ઞાની ડો. બ્રિજેટ એલેકસ કહે છે કે ચહેરા પર હડપચીનો હેતુ પણ અકળ રહ્યો છે.

વિજ્ઞાનીઓ એકબીજાના કાન ખેંચતા રહેશે પણ આપણે સુંદર મજાની કડી કે લટકણિયા પહેરતા હોય તો ચાલુ રાખો.

**ટૂંકી ગરદન, બૂચા કાન! હરામખોરીકા બડા નિશાન!!**

**સમુદ્ર એક કિનારા અનેક**
★ નરેન્દ્ર જોશી